# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી–૩૯૬ ૪૫૦.

---

## પ રિ પ ત્ર

**જરૂરી**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીનાં વડાઓને જણાવવાનું કે, સને ૨૦૧૨–૧૩ નું નાણાંકીય વર્ષ ટુંક સમયમાં પુર્ણ થવામાં છે ત્યારે, આપની કચેરીનાં તાબા હેઠળ ચાલતી વિવિધ યોજનાઓ જેમ કે, પ્લાન, નોનપ્લાન, આઈસીએઆર, આઈસીએઆર ડેવલોપમેન્ટ, અધર એજન્સીઝ (રીવોલ્વીંગ બજેટ સદર– ૯૫૧૦ સહિત) ના સને ૨૦૧૨–૧૩ નાં નાણાકીય વષનાં માહે એપ્રિલ–૧૨ થી જાન્યુઆરી–૧૩ સુધીનાં ખર્ચ/આવકનાં આંકડા લગત કર્મચારીને જરૂરી રેકર્ડ સાથે રૂબરૂ મોકલી તા. ૧૮.૨.૨૦૧૩ સુધીમાં સત્વરે મેળવણં કરાવી લેવાનં રહેશે.

અત્રેની કચેરીનાં ધ્યાન પર આવેલ છે કે, ઘણી કચેરીઓ તેમની કચેરીનાં જે તે યોજનાનાં આવક/ખર્ચના આંકડાની ચકાસણી દર માસિક સમયાંતરે ન કરવાને કારણે, ગ્રાન્ટ કરતા ખર્ચ વધી જાય કે અન્ય સંજોગોમાં નાણાકીય વર્ષનાં શરૂઆતનાં હિસાબો પાછળથી એડજસ્ટમેન્ટ કરવાના પ્રશ્નો ઉભા થાય છે જે હિસાબી દ્રષ્ટિએ યોગ્ય નથી, તો પાછળથી હિસાબોને લગતા પ્રશ્નો ઉભા ન થાય તે ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે.

વધુમાં જે સદરે ગ્રાન્ટ કરતા ખર્ચ વધી ગયેલ છે, તે સદરે વધારાની ગ્રાન્ટ મેળવ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

ઉપરોકત પરિપત્રનો અમલ હિસાબી સરળતા અને એકરૂપતા જળવાઈ રહે, તે મુજબ કરવા વિનંતી છે.

પ્રસ્તત પરિપત્ર હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રીની મંજુરી મેળવીને બહાર પાડવમાં આવે છે.

વહીવટી વ હિસાબી અધિકારી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

જા.નં. નકૃયુ/વવહિઅધિ/બી.૩/કોમ્પાઈ/ ૭૭૫–૮૨૪ /૨૦૧૩
નવસારી. તારીખ:– ૧૧.૨.૨૦૧૩

નકલ સવિનય રવાના:

૧: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ

૨: તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીઓશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય અમલ થવા સારુ.